# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-----------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PMJAY MEETING

**પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના PMJAYની 12મી ગવર્નિંગ બોડીની બેઠક આજે ગાંધીનગરમાં મળી હતી.**

**નવી શરુ કરેલી હેલ્પ લાઇનમાં આવતી ફરિયાદોના ઝડપી નિકાલ કરવા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી.**

**PMJAY અંગે માહિતી અને જાણકારી મેળવવા આ હેલ્પલાઇનનો ઉપયોગ વધ્યો છે. ત્રણ મહિનામાં 10 હજાર જેટલાં કોલ આવ્યા છે. બેઠકમાં આરોગ્ય સચિવ તથા ગ્રામ્ય અને શહેરી આરોગ્ય કમિશનર ઉપસ્થિત રહ્યા હતા.**

. . . . . . . . . . . .

# ORGANIC FERTILIZER CONFERENCE

ખાતર ક્ષેત્રની સહકારી સંસ્થા ઇફ્કોના આગામી કાર્યક્રમમાં સહકાર મંત્રી અમિત શાહ ગુજરાત આવશે એમ ઇફ્કોના ચેરમેન દિલીપ સંઘાણીએ આજે જણાવ્યું છે. ગુજકોમાસોલ અને  એક કંપનીના સયુંકત ઉપક્રમે ગાંધીનગરમાં આયોજિત પરિસંવાદમાં ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું કે, રાસાયણિક પદ્ધતિથી ખેતી બિનઉપજાઉ થતી હોવથી પ્રાકૃતિક ખેતી આજની જરૂરિયાત બની ગઈ છે. પરિસંવાદમાં કૃષિ તજજ્ઞ અને કૃષિ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# FOOTBALL TOURNAMENT

**અમદાવાદની સેંન્ટ ઝેવિયર્સ યુનિવર્સિટી દ્વારા ફાધર ડૉનાલ્ડ ડાયસ મૅમોરિયલ રજિસ્ટર્ડ ફૂટબૉલ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આગામી 12 ઍપ્રિલ સુધી યોજાનારી આ સ્પર્ધામાં વિજેતા ટીમને 50 હજાર રૂપિયાનું રોકડ ઈનામ, વિજયચિહ્ન અને ચંદ્રક અપાશે. આ અંગે યુનિવર્સિટી પ્રિન્સિપાલ વિનાયક જાદવે માહિતી આપી.**

**(બાઈટઃ વિનાયક જાદવ)**

. . . . . . . . . . . . .

# PERCOLATING WELL

ભૂગર્ભજળને ઊંચા લાવવા માટે જનપ્રતિનિધીઓની ગ્રાન્ટમાંથી પરકોલેટિંગ વેલ બનાવવા અમદાવાદની 467 સોસાયટીએ અરજી કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 10 વેલનું કામ પૂર્ણ થયું છે જ્યારે 14નું કામ ચાલુ છે અને 367 વેલનો અંદાજ મંજુર કરવામાં આવ્યો છે. જ્યારે 25નો અંદાજ મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોતાની જ બિલ્ડિંગમાં 1200 વેલ અને ખંભાતી કુવા બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરે તે માટે  ખાસ કરીને ખંભાતી કુવા અને પરકોલેટિંગ વેલને મહત્વ

આપવામાં આવ્યું છે. સ્વર્ણિમ યોજના અંતર્ગત 20 ટકા ગ્રાન્ટ સાંસદ, ધારાસભ્યો અને કોર્પોરેટરની તથા 80 ટકા ગ્રાન્ટ કોર્પોરેશનન આપે છે.

. . . . . . . . . . . .

# CHER JUNGLE KUTCH

કચ્છ જિલ્લામાં અને કચ્છના અખાતમાં આવેલા ચેરના વૃક્ષોનું વૈજ્ઞાનિક ઢબે સંરક્ષણ અને સંવર્ધન થાય તે હેતુથી જાપાનની એજન્સીએ નારાયણ સરોવરની પસંદગી કરી છે.

પશ્ચિમ વન વિભાગના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાએ આ માહિતી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં ચેરનાં સંવર્ધન માટે તાજેતરમાં અનેક પગલા લેવામાં આવ્યા છે. પ્રવાસીઓને આકર્ષવા માટે સમુદ્ર વચ્ચે ચેર સંવર્ધન કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ભવિષ્યમાં ચેર માટેનું અભ્યાસ કેન્દ્ર બનાવવાની પણ યોજના છે.

કચ્છના કોરી ક્રિક વિસ્તારમાં પડાણાબેર પર પશ્ચિમ વન વિભાગ દ્વારા ચેર સંવર્ધન કેન્દ્રનો પ્રારંભ થઇ ચૂક્યો છે. નારાયણ સરોવર વિસ્તારમાં પણ ગીર જેવા સફારી માર્ગ બનાવવાની યોજના શરૂ થઈ છે.

. . . . . . . . . . . .

# MORBI ACCIDENT

મોરબીના જુના ઘૂટું રોડ પર ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માત થતાં બાઈક સવાર બે યુવકના મોત થયા છે. મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે ટ્રકને ઓવરટેક કરતી વખતે બાઇકને ટક્કર વાગતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવકનું ઘટનાસ્થળે મોત થયું હતું જ્યારે અન્ય યુવકને ગંભીર ઇજા થતાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . .

# CHHOTA UDEPUR MEDAL

છોટાઉદેપુર જિલ્લાના શિક્ષકોએ ચંદીગઢ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની યોગ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે, જેતપુર પાવી તાલુકાની મોટી આમરોલ પ્રાથમિક શાળાના શિક્ષક ઘનશ્યામ રાઠવા અને વિનોદ સોલંકીએ 40 વર્ષથી વધુ વય વિભાગમાં કાંસ્ય ચંદ્રક જીતી આ સિદ્ધિ મેળવી છે. ગાંધીનગર સચિવાલય ટીમમાં વિવિધ વિભાગમાં પસંદ કરાયેલા 20 જેટલા સ્પર્ધકમાં આ બંને શિક્ષક પણ હતા.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ અને નવી દિલ્હીના કેન્દ્રીય મુલ્કી સેવા સાંસ્કૃતિક અને ક્રિડા બોર્ડ દ્વારા ચંદીગઢમાં આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . . .

# MAHISAGAR FOOD CHEKING

મહીસાગર જિલ્લામાં નીચલી ગુણવત્તાની ખાદ્ય-ચીજોનું વેચાણ કરતી પેઢીઓને એક લાખ 77 હજાર રૂપિયાનો દંડ કરાયો છે. જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય-ચીજોનું વેચાણ કરતા વેપારીઓ, પેઢીઓ પર દરોડા પાડી આકસ્મિક તપાસ કરાઇ હતી. તપાસ દરમિયાન ખાદ્ય-ચીજોના શંકાસ્પદ નમુનાઓ લઈ લેબોરેટરીમાં મોકલાયા હતા. જેમાં 4 ખાદ્ય ચીજોની ગુણવત્તા નબળી હોવાનું જણાતા કાર્યવાહી કરાઇ હતી.

. . . . . . . . . . . .

# MEHSANA FENCING

તલવારબાજીની ભારતીય ટીમમાં મહેસાણા જિલ્લાના સતલાસણાની યુવતી રીતુ પ્રજાપતિની  પસંદગી થઈ છે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી રીતુ પ્રજાપતિ  ચીનમાં યોજાનારી જુનિયર વર્લ્ડ ફેન્સીગ ચેમ્પિયનશીપમાં ભારત તરફથી રમશે. તાજેતરમાં છત્તીસગઢના રાયપુરમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં તેણે રજત ચંદ્રક મેળવ્યો હતો.

. . . . . . . . . . . .